સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

આતંકના આશ્રયનું - કાશ્મીર જન્નત તો છે!
દેશદ્રોહી નમકહરામોનું - જન્નત તો છે!
જન્નત છે સૈનિકોનું મળે શહીદી મફત -
બેય બાજુના ઢોલી નેતાઓનું જન્નત તો છે!
('જન્નત' બનાવવા કેન્દ્રીય પેકેજ)

હાઈકુ

થાકી-હારીને
ઈમાનદાર નેતા -
છોડે છે પક્ષ...
(પૂછો ઈનામદારને...)

થાય પોષણ -
ઉજવાય સપ્તાહ -
ભ્રષ્ટાચારનું ?!

ચિંતન

જબ લગા નાતા જાતિકા, તબ લગ ભક્તિ ન હોય;
નાતા તૌડે હરિ ભજે, ભક્ત કહાવે સોય.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

આપણે સૌ આપણી જાતિનો, કુળનો અને કુટુંબનો ગર્વ કરીએ છીએ. હું વૈશ્ય છું, હું બ્રાહ્મણ છુ અને હું ક્ષત્રિય છું. આ પ્રકારની જાતિ અને વંશના અભિમાનમાં રાચતાં રહીએ છીએ. અને ઉચ્ચ-નીચના ભેદભાવમાંથી મુક્ત થઈ શકતા નથી. અને વળી ભક્તિ દ્વારા પરમાત્માને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખીએ છીએ. પરંતુ કબીર તો કહે છે કે જ્યાં સુધી જાતિનું અભિમાન રહેશે ત્યાં સુધી ઈશ્વરની ભક્તિ પ્રાપ્ત થશે નહીં.

જેમ અંધકારનો વિરોધી પ્રકાશ અને તે બંને એક સમયે સાથે રહી શકતા નથી. તેવી જ રીતે ભક્તિનું વિરોધી જાતિ અભિમાન છે. તેથી તે બંને પણ સાથે રહી શકે નહિ. અભિમાનીને ભક્તિ પ્રાપ્ત થઈ શકે નહીં. ભગવાન તો પતિતપાવન છે. ભક્તિ દ્વારા પ્રભુ પતિતને પાવન કરે છે. તેથી જે મનુષ્ય જાતિ - કુળ આદિના સંબંધો તોડી પરમાત્માનું ભજન કરે છે. તે ભક્ત કહેવાય છે અને કબીર કહે છે કે પરમાત્મા આ ભક્તોને સ્વીકાર કરી તેને પાવન કરે છે.

સુવિચાર

- જો તમારે આવતીકાલ માટે તૈયારી કરવી હોય તો તમે આજનો બધી જ બાજુથી સદુપયોગ કરો, કારણ કે આજથી જ સુવર્ણકાળનું નિર્માણ થાય છે - **જનકલ્યાણ**
- બીજાનો પ્રકાશ ઓલવી ને જો તમે તમારો પ્રકાશ ફેલાવશો તો તે પ્રકાશ તમારા અભિમાનનું પ્રતિક છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આત્મવિશ્વાસનો અભાવ જ અંધશ્રદ્ધાને જન્મ આપે છે, આત્મવિશ્વાસને મજબૂત કરો, અંધશ્રધ્ધાનું અંધારું આપોઆપ જ ખતમ થઈ જશે - **વજુ કોટક**
- મારા માટે એ દિવસ બહુ ખરાબ (નકામો) છે. જે દિવસે મેં કોઈ નવું કે સારું કામ ન કર્યું હોય - **ફ્રેડરિક નિત્ઝે**
- નારાજ થવું એ સરળ છે, પરંતુ સાચી વ્યક્તિ પર સાચા સમય પર સાચી રીતે સારા કામ માટે અને સાચી રીતે નારાજ થવું અથવા તો ગુસ્સે થવું એ સરળ નથી, પહેલા નારાજગી બતાવવાની કળા શીખો પછી જ કોઈની ઉપર નારાજ થાઓ - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- જો તમે પૈસાના અભાવથી ગરીબ છો તો બરાબર છે, પરંતુ જો તમારી પાસે ક્ષમતાઓનો અભાવ છે, તો તમે ખરેખર દુનિયાના બધાથી ગરીબ વ્યક્તિ છો - **નવનિત**
- આજનું ઔષધ : ચહેરા પરના લકવા ઉપર અખરોટના તેલનું માલિક કરવાથી રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ભગવાનનો ભક્તનો ક્રમ એવો કે સતત હરિનામ લીધા કરે. ભગવાનની ભક્તિ, પૂજા પાઠ કરતા કરતા પચ્ચીસ વર્ષ જેવું થઈ ગયું. એક દિવસ ભક્તના પાડોશીએ તેને કહ્યું, 'અરે ભાઈ, તમે નિયમિત ભગવાનની ભક્તિ પૂજા પાઠ વર્ષોથી કર્યા કરો છો તો તેનું ફળ શું મળ્યું?' ભક્તે જવાબમાં કહ્યું, 'એ તો મારો રામ જાણે... મારું કામ તો બસ ભક્તિ કરવાનું.' પડોશીએ કહ્યું, 'આટલી બધી ભક્તિ, માળા, જાપ... ભજન... શું તમારો ભગવાન સાંભળતો પણ હશે ??' આટલુ બોલી પડોશી વિદાય થયો. ભક્ત હરિનામ લેતાં લેતાં પોતાના રૂટીન કામમાં આગળ વધ્યો. ભગવાનને થયું કે આ ભક્તને પડોશીની વાત સાંભળી મનમાં શંકા થશે કે મારા પાઠ ભગવાન સાંભળે છે કે નહિં? પણ ભક્તના મનમાં એવો કોઈ સંદેહ થયો નહીં. ભગવાનને ભક્તની કસોટી કરવાનું મન થયું. અને રાત્રે ભગવાનને સપનામાં કહ્યું, 'તને એવું લાગે છે કે આ તારી પૂજા પાઠ, ભક્તિથી હું પ્રસન્ન થઈ તને વરદાન આપીશ? પણ એવું હું કંઈ કરવાનો નથી. તારી કોઈ ઈચ્છા પૂરી થવાની નથી.' ભગવાનને થયું કે ભક્ત આવું સાંભળીને રડવા લાગશે... પણ આવું સાંભળીને ભક્ત ખુશી ખુશીમાં નાચવા લાગ્યો. પ્રભુની જય બોલવા લાગ્યો. અને મારો જનમ સફળ થયો... મારો ફેરો સફળ થયો. એવું બોલ્યો. ભગવાને કહ્યું, 'અરે પાગલ નાચે છે? તારી ભક્તિથી હું જરાય ખુશ નથી.' ભક્ત ખુશીમાં ઝુમતો ઝુમતો બોલ્યો, 'પ્રભુ, મારા પાઠથી ખુશ થઈ તમે કંઈક આપશો એ માટે મેં પાઠ કર્યા જ નથી. પણ તમને એટલી ખબર તો છે કે મેં પાઠ કર્યા છે. તમે એ સાંભળ્યા તો છે જ ને... એટલે હું ખુબ ખુશ છું. એકવાર આપના દર્શન થયા પછી મારે કશું જ જોઈતું પણ નથી. તમે આટલું કહેવા માટે રૂબરૂ સાક્ષાત આવ્યા તેમાં જ મારી ખુશી છે. ' ભક્ત ઝુમતો રહ્યો પ્રભુ અંતર્ધ્યાન થયા.

સમજદાર માટે ઈશારો પર્યાપ્ત છે

તંત્રીસ્થાનેથી...

પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી કોંગ્રેસના સુવર્ણકાળના સાક્ષી છે. ઈંદિરા ગાંધીએ એમનું સત્ત્વ અને વિત્ત પિછાણી પશ્ચિમ બંગાળના પ્રાદેશિક નેતાને ઠેકાણે રાષ્ટ્રીય ફલક પર આણી એક યોગ્ય કાર્યકર્તાને યોગ્ય સ્થાન આપ્યું હતું. ડાબેરી પ્રભાવ ધરાવતા પશ્ચિમ બંગાળમાંથી ઈંદિરા ગાંધીને બે અગત્યના સાથીઓ સાંપડ્યા હતા. સિદ્ધાર્થશંકર રાય અને પ્રણવ મુખર્જી. બંગાળ વિભૂતિઓ પકવતી રહેલી શસ્યા શ્યામલા ભૂમિ છે. અનેક મહાન વિચારકો, કવિઓ, લેખકો અને વિવિધ વિદ્યાશાખાઓના પ્રખર પંડિતો આ ભૂમિને દેશના ચરણે ધર્યા છે. પ્રણવ મુખર્જી એ શ્રેણીમાં પાટલો માંડી શકે એવા સક્ષમ રાજપુરુષ તરીકે વિકસ્યા. સિદ્ધાર્થ શંકર રાય વધુ લોકપ્રિય હતા, એથી બંગાળના મુખ્યમંત્રી પણ બની શકયા હતા. ઈંદિરાજીના અતિવિશ્વાસુ આ બંગાળી બાબુએ એક ખોટી સલાહ આપી એના કારણે ઈંદિરા ગાંધી વગોવાઈ ગયા. એમણે તત્કાલીન પરિસ્થિતિ જોઈ ઈંદિરાજીને કટોકટી લાદવાની સલાહ આપી હતી. રાતોરાત દેશ લોકશાહીનો અંચળો ફગાવી તાનાશાહીના સકંજામાં આવી ગયો હતો. ઈંદિરા ગાંધીની ઉજ્જવળ રાજકીય કારકિર્દી પર કટોકટીનો કાળો ડાઘ લાગ્યો જે આજપર્યંત એમના રાજકીય વારસદારોને અને કોંગ્રેસ જેવી રાજકીય પાર્ટીને નડતો રહ્યો છે. એ મુદ્દે સંયુક્ત વિપક્ષ પહેલી વાર દેશમાં બિનકોંગ્રેસી સરકાર બનાવી શક્યો હતો. પ્રણવ મુખરજી કટોકટીના પછીના કાળમાં વિકસેલા નેતા છે. નરસિંહરાવ જેવા પ્રચંડ વિદ્વાનની સરખામણીમાં તેવો વહેવારું સ્ટ્રેટેજિસ્ટ અને ટ્રબલશૂટર તરીકે વધુ જામ્યા હતા. મહત્ત્વાકાંક્ષી હતા એથી ઈંદિરા ગાંધીના અવસાન પછી વડાપ્રધાન પદ મેળવવાની એમની મંશા પણ રોકી નહોતા શક્યા. થોડો વખત પાર્ટી પણ છોડી દીધેલી. પ્રણવ બાબુને ગાંધી પરિવાર જોખમી નેતા ગણતો હતો જેનો ઉકેલ એમને રાષ્ટ્રપતિ બનાવી દઈ કાઢવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ પદે રહીને એમને બંધારણીય વડા તરીકે જે ફરજો બજાવી તે ભવિષ્યના રાષ્ટ્રપતિઓ માટે ઉદાહરણરૂપ બની રહે એવી હતી. ડૉ. મનમોહનસિંહને પોતાના કરતાં ઉપર મૂકી દેનારાં સોનિયા ગાંધીથી લઈ મનમોહનસિંહને હટાવી દિલ્હીના મયૂરાસન પર કબજો મેળવનારા નરેન્દ્ર મોદી સુધી એમને સલામત અંતરે શાલીન સંબંધો સાચવી રાખ્યા, એટલું જ નહીં - જયાં કોઈ મુદ્દો વિવાદાસ્પદ લાગ્યો ત્યાં એને પુર્નવિચારણા માટે સરકાર પાસે પાછો પણ મોકલવામાં વાર નહોતી લગાડી. નરેન્દ્ર મોદીની સરકારે જ એમને 'ભારત રત્ન' જેવા સર્વોચ્ચ એવોર્ડથી સન્માનિત કર્યા હોવા છતાં વારંવાર જયારે પણ લોકશાહીને ઘસારો પહોંચતો વરતાયો કે સાંપ્રદાયિક વલણો હાવી થતાં લાગ્યાં ત્યારે એક સાચા ભારતીય નેતાને છાજે એ મુજબ એમણે પોતાનો ભિન્ન મત પ્રગટ કરવામાં પાછી પાની નથી કરી. આજકાલ ચાલી રહેલા દેશવ્યાપી વિરોધ પ્રદર્શનોને એમણે લોકશાહીને મજબૂત કરનારાં ગણાવ્યા છે અને સરકારને આડકતરો સંકેત પણ આપી દીધો છે. લોકશાહી રાષ્ટ્રના પૂર્વ રાષ્ટ્રપતિએ જાહેરમાં પોતાને 'રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી' તરીકે નહીં પરંતુ 'નાગરિક પ્રણવ મુખર્જી' તરીકે ઓળખાવી દેશને માર્ગદર્શન આપ્યું છે. આશા રાખીએ કે ભારત રત્ન પૂર્વ રાષ્ટ્રપતિની આડકતરી સલાહને સમજણપૂર્વક વિનિયોગ કરવાની વર્તમાન સરકારને ઈશ્વર શક્તિ આપે.

કુત્તો કા કોઈ સંડે નહીં હોતા, કુત્તે સાતો દિન કુત્તે હી હોતે હૈ

કુત્તો કા કોઈ સંડે નહીં હોતા, કુત્તે સાતો દિન કુત્તે હી હોતે હૈ

- પ્યાર કા પંચનામા

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

લવ રંજન દ્વારા દિગ્દર્શિત 'પ્યાર કા પંચનામા' ૨૦૧૧માં આવેલી લૉ બજેટ ફિલ્મ હતી. સુમિત સકસેના અને વૈભવ સુમન આ ફિલ્મના સંવાદ લેખક છે. નોકરી અને તેની મજબૂરી ઉપર કંટાળીને ફિલ્મના સહ અભિનેતા દિવ્યેન્દુ શર્માના મુખે આ સંવાદ બોલવામાં આવ્યો છે.

નોકરી એટલે સંપૂર્ણ ઓશિયાળા વૃત્તિ. સદાય ઉપરી અધિકારીના કહ્યામાં રહીને, તેમને ગમે તેવી ધડ-માથા વગરની વાત પણ હસીને સહન કરવી પડે છે. સપ્તાહના સાતેય દિવસ ગમે ત્યારે ગમે તે ઘડીએ આપણે નોકરિયાત વર્ગે ૨૪ ૭ સતત માત્ર બૉસની હા જી હા કરીને, આપણી પોતાની કોઈ વિચારધારા નહીં પરંતુ માલિકની ઈચ્છા પ્રમાણે જ જીવવું પડે છે, માટે ઉપરોક્ત સંવાદ આવી જ પરિસ્થિતિઓ વખતે બોલાયેલ છે.

લગભગ ૬૭ી સદીમાં વિશાખદત્ત નામ સંસ્કૃત વિદ્વાને 'મુદ્રા રાક્ષસ' નામક એક નાટક લખ્યું હતું. જેમાં ચાણક્ય અને રાક્ષસ મુખ્ય પાત્ર તરીકે છે. આ નાટકમાં વિશાખદત્તે લગભગ આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં લખેલ આ કૃતિમાં આવા જ અર્થ - સામ્યતાવાળો એક શ્લોક મળી આવે છે.

જોવાની ખૂબી એ છે કે નોકરિયાત વર્ગની પરિસ્થિતિમાં ૧૫૦૦ વર્ષ પછી પણ કોઈ જ ફરક પડ્યો નથી.

ભેતવ્યં નૃપતેસ્તતઃ સચિવતો રાજ્ઞસ્તતો વલ્લભા
દન્યેભ્યશ્ય વસન્તિ યસ્ય ભવને લબ્ધપ્રસાદા વિટા : ।
દેન્યાદુન્મુખદર્શનાપલપનૈઃ પિણ્ડાર્થમાયસ્યતઃ
સેવાં લાઘવકારિણી કૃતધિયઃ સ્થાને શ્યવૃત્તિં વિદુઃ ॥

(પહેલા) રાજાથી ડરવાનું, પછી મંત્રીથી, પછી રાજાના માનીતા માણસોથી, પછી બીજા જેઓ ભવનમાં રહે છે, તથા જેમણે રાજાની કૃપા મેળવી છે તેવા લહેરી લાલાઓથી. રોટલા માટે ગરીબડા બનીને, માલિક સામે ઊંચું મોઢું રાખીને જોઈ રહીને તથા (મીઠું - મીઠું) આડું અવળું બોલીને મહેનત કરનારની હલકા પાડનારી નોકરીને યોગ્ય રીતે જ બુદ્ધિશાળી માણસો કૂતરાની વૃત્તિ કરે છે.

માટે જ આપણે ગુજરાતીઓ તો કહીએ છીએ ને કે, ભાઈ ! તું તારું સપનું પોતે પૂરું કરી લે નહીંતર કોઈ તમને નોકરીમાં રાખી લેશે પોતાનું સપનું પૂરું કરવાં માટે...

- jayuoza@gmail.com
Mo.9898046488

રવિવારે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' કાર્યશાળા યોજાશે

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● વ્યક્તિ વિકાસને ખીલવતી, માતૃભાષા પ્રેમીઓના પ્રાણસમી ગુજરાતી ભાષાના સત્ત્વને તથા તત્ત્વને ભલીપેર જાણવા,માણવા અને ગરવી માતૃભાષા ગુજરાતીના ગૌરવને અખંડિત રાખવા, ભાષાશાસ્ત્રની સમજૂતિનો વ્યાપ વધે અને માતૃભાષાની મધમધતી ફોરમ સર્વત્ર ફોરે તે માટે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા યોજાતી કાર્યશાળાઓ અંતર્ગત; બત્રીસમી કાર્યાશાળા તા. ૨૬મી જાન્યુઆરી દરમિયાન, ચિલ્ડ્રન યુનિવર્સિટીના સભાખંડમાં, સેકટર-૨૦ ખાતે યોજાશે, જેમાં સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, ગાંધીનગરના આચાર્ય, ખૂબ જ ઝળહળતી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા, એક સંશોધક, વિવેચક લેખક અને પોતાને ભાષા સાહિત્યના એક આજીવન વિદ્યાર્થી ગણાતા ડૉ. દીપકભાઈ પંડ્યા, આ કાર્યશાળામાં 'કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઈના જીવન અને કવન' નો આસ્વાદ કરાવશે. ભાષાસાધકો અને ભાષાના પ્રેમીઓને આ કાર્યશાળામાં પધારવા સંયોજક સંજય પંડ્યા દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

-muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

સ્વામી આનંદ : દો રોટી અને એક લંગોટીના હક્કદાર સન્યાસી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

દેશભરના યુવાનો માટે સાંપ્રત સમયમાં કોઈ 'ROLE MODEL' ની ખામી હોય તેવી વાત અવારનવાર સામાન્ય વાતચીતમાં સંભળાતી રહે છે. એ વાતમાં તથ્ય પણ જણાય છે. સમગ્ર સમાજને જેની નિસબત છે તેવા કોઈક સાંપ્રત પ્રશ્નને લઈને કોઈક વ્યકિત કે વ્યકિતઓનો સમૂહ તે પ્રશ્નને ઉકેલવાનો પ્રામાણિક પ્રયાસ કરે તો એક વિશાળ સમૂહ આજે પણ તેને અનુસરવા તૈયાર છે. અન્ના હજારેનું આંદોલન તેનું નજીકના ભૂતકાળનુંજ એક ઉદાહરણ છે. વિકટ પ્રશ્ન એ છે કે આવો જુસ્સો કોઈ સામાજિક કલ્યાણના ભાગરૂપે ઊભો કરીને તેને ટકાવી રાખવો સહેલો નથી. આપણાં દેશમાં બ્રિટીશ શાસનમાંથી મુકિત માટેની ચળવળ ચાલતી હતી તેમાં યુવાનો સહિત તમામ લોકો જોડાયા. પરંતુ તે કાળનો ફાયદો એ હતો કે ગાંધીજીનું સમર્થ નેતૃત્વ તે કાળમાં પ્રાપ્ત થયેલું હતું. ૧૯૧૫ થી ૧૯૪૮ના આરંભ સુધી ગાંધી નામના આ ઘટાદાર વટવૃક્ષની છાયામાં અનેક નાનામોટા વૃક્ષો ઉછરીને મહોરી ઊઠ્યા. આથી અબાલવૃધ્ધ સૌના માટે મહાત્મા ગાંધી તથા તેમના સાથીઓએ એ પ્રેરણાનું જીવંત સ્ત્રોત બની રહ્યા. રોલ-મોડેલ બની રહ્યા. ગાંધીજી પછી પણ જયપ્રકાશ નારાયણ કે રવિશંકર મહારાજ જેવા દિગ્ગજ લોકોએ ગાંધીની મશાલ ઝાંખી થવા દીધી ન હતી. દેશને તેમનામાં રોલ મોડેલના દર્શન થતા હતા. આપણાં આવા પુણ્યશ્લોક લોકોની વાતો તેમજ તેમનું જીવનકાર્ય યુવાન વર્ગ સુધી પહોંચી શકે તે જોવાની આપણી સામુહિક જવાબદારી છે. આવુંજ એક જવલંત તેમજ પ્રેરણા પૂરી પાડી શકે તેવું વ્યકિતત્વ એટલે સ્વામી આનંદ. વાડીલાલ ડગલીએ લખ્યું છે તેમ બાંયો ચડાવેલી ચેતનાએ જાણે માનવદેહ ધારણ કર્યો હોય તેવું સ્વામીદાદાનું જાજ્વલ્યમાન વ્યકિતત્વ હતું. ૧૮૮૭થી ૧૯૭૬ સુધીનું સુદીર્ઘ તથા ઝળાહળા જીવતર જીવી જનાર સ્વામીદાદાની વાતો તથા તેમના ધારદાર લખાણોનો સંપુટ યુવાનો સુધી પહોંચાડવા જેવો છે. મહેન્દ્રભાઈ મેઘાણીના લોકમિલાપે સ્વામીદાદાના લખાણો પ્રસિધ્ધ કરીને આપણાં પર ઋણ ચડાવેલું છે. ઝાલાવાડની સુકી ધરતીએ સ્વામીદાદાની અમૂલ્ય તેમજ અજોડ ભેટ દેશને આપી છે.

સ્વામીદાદાએ જે કેટલાક પાત્રોનું આલેખન કર્યું છે તેઓ વાસ્તવિક હોવા છતાં કહેવાતી દુનિયાદારીથી ભિન્ન હતા. પોતાની મસ્તીમાં જીવનારા આ લોકો ખરા અર્થમાં મૂઠી ઊંચેરા હતા. સ્વામીદાદાની ભાતીગળ ભાષાના બળે આ પાત્રો દીપી ઉઠેલા છે. આવા વિવિધ પાત્રોના આલેખનમાં મહાત્મા ગાંધીના સચિવ મહાદેવભાઈ દેસાઈના સગા પિતરાઈ (કઝીન) એવા છોટુભાઈ દેસાઈની વાત સ્વામીએ લખી છે. તત્કાલિન સમાજ છોટુભાઈ દેસાઈને 'છોટુકાકા' તરીકે ઓળખતો હતો. વંચિતો તેમજ આદિવાસીઓના પ્રશ્ને જીવતરને હોડમાં મૂકનાર આ 'મહાદેવથી મોટેરા' ના વાસ્તવિક જીવનની કથા એક રોમાંચક થ્રીલર સમાન છે. સ્વામીદાદા મહાદેવભાઈ તેમજ છોટુભાઈની સરખામણી કરે છે તે જ ધારદાર તેમજ આકર્ષક છે. છતાં પણ પૂર્ણ રીતે વાસ્તવિક છે. બન્ને પિતરાઈ ભાઈઓની સરખામણી કરતા સ્વામી લખે છે :

"સાથે ઊછરેલા હોછા છતાં બન્નેના સ્વભાવ તેમજ વ્યકિતત્વ જૂદા. એક મોગલ ગાર્ડનનું ગુલાબ (મહાદેવભાઈ) તો બીજા એ ઉનઈના જંગલોનો વાંસ. એક તાજમહેલનું શિલ્પ તો બીજા દખ્ખણના ગોમટેશ્વર. " પ્રસિધ્ધિથી માઈલો દૂર રહેનાર છોટુકાકા ખરા અર્થમાં ગાંધીના સિપાઈ હતા. મજબૂત મનોબળ તેમજ ઊંડી કાર્યનિષ્ઠાનું જ્વલંત ઉદાહરણ એ છોટુકાકાનું વ્યકિતત્વ છે. યુવાનો માટે વિશેષ પ્રેરણારૂપ બને તેવું તેમનું જીવનકાર્ય છે.

આપણે ત્યાં સામાન્ય રીતે સાધુ સમાજ કે સન્યાસીને આદર તેમજ શ્રધ્ધાના ભાવથી જોવામાં આવે છે. પૂજ્ય મોટા કે ભિક્ષુ અખંડાનંદ જેવા સન્યાસીઓના કાર્યો થકી સમાજને અનેક લાભ પણ થયેલા છે. સ્વામી દયાનંદ જેવા વીર સન્યાસીએ સિંહહાક મારીને ચમત્કાર કે અંધશ્રધ્ધાને માન્યતા આપનાર અનેક હિત ધરાવતા તત્વોને સામી છાતીએ પડકાર્યા હતા. પોતાના સન્યસ્ત થકી સમાજને ઉજાળનારા તત્વો આજે પણ છે. બીજી બાજુ સન્યાસ કે સંપ્રદાયના ઢોંગી પ્રભાવ હેઠળ અનેક નિર્દોષ લોકોનું જીવતર ડહોળી નાખનાર કહેવાતા "બાબા" ઓ આજે પણ સમાજ માટે સમસ્યારૂપ બનીને ઊભા રહેલા દેખાય છે. આવી દ્વિધા ભરેલી સ્થિતિમાં સૌએ પોતાનો વિવેક વાપરીને ઉચિત નિર્ણય કરવો પડે. પરંતુ સ્વામી આનંદે સાચા સન્યાસીનું જે ધોરણ નક્કી કરેલું છે તે ભિન્ન છે. આવા ધોરણમાં રહીને જીવતર જીવી જનાર સાધુ સન્યાસીને જગત લાંબા કાળ સુધી યાદ રાખે છે તથા આદર કરે છે. સન્યાસી માટે લક્ષ્મણરેખા આંકતા સ્વામીદાદા લખે છે :

"સાધુ એટલે દો રોટી અને એક લંગોટી" નો હક્કદાર. એથી વધુ જેટલું એ સમાજ પાસેથી લે તે અણહક્કનું ગણાય. સાધુના હક્ક બહારનું ગણાય. સમાજ પાસેથી જેટલું મેળવે તેનાથી દસ ગણું સમાજને પરત કરવાની ગૃહસ્થીની ફરજ ગણાય. પરંતુ સાધુએ તો સમાજને પોતે જે ગ્રહણ કરે તેનાથી સો ગણું પરત આપવાની ફરજ છે. " સ્વામીદાદાએ 'દો રોટી અને એક લંગોટી' ની સનદ સાથે હર્યું ભર્યું જીવતર જીવીને ગયા. પોતાના ઉત્તમ પ્રકારના લખાણોની પ્રસિધ્ધિનો સહેજ પણ વ્યામોહ દાદાને ન હતો. સ્વામીદાદાએ લખ્યું છે કે અનેક સ્વજનો તથા મિત્રોએ તેમના લખાણોને ગ્રંથસ્થ કરવાનો આગ્રહ કર્યો હતો. પરંતુ સ્વામીદાદાનો સામાન્ય રીતે આવો જવાબ રહેતો હતો : " થોડા ખમી જાઓ. મારા મરણ બાદ કરવું હોય તેમ કરજો. "

આજના સંદર્ભમાં સ્વામી આનંદ જે લખી ગયા તેનું એક અદકેરું સાંપ્રત મૂલ્ય છે. મનુષ્યની આંતરિક ચેતના જાણે ઝાંખી પડતી જાય છે. સ્વસ્થ સમાજનું નિર્માણ એ સાંપ્રત કાળની મોટી સમસ્યા છે. આ દિશામાં વિચારનારા કે જીવનમાં સ્વસ્થતાની સાચી દિશામાં પગલા માંડનારા માટે સ્વામી આનંદના લખાણો માર્ગદર્શન તથા હૂંફ પૂરા પાડી શકે તેવા સમૃધ્ધ તથા ભાતીગળ છે.

કેદમાં હોવા છતાં નિયમપાલનમાં પાબંદ બંદા ગાંધી

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધી એટલે નિયમનું ઉલ્લંઘન કદી કરનાર વ્યક્તિત્વ. જો ચોરી છૂપીથી પણ કાયદાનું ઉલ્લંઘન કરી શકાતું હોય તો પણ ગાંધીએ સ્વીકારે નહીં. કોઈને ખબર ના પડે પણ પોતાની જાતને તો ખબર પડે ને કે જે કંઈ કરીએ છીએ તે ખોટું છે. તો ન જ કરવું એ એમનો આજીવન સિદ્ધાંત રહ્યો હતો. આવો એક પ્રસંગ જોવા જેવો છે. જેલના કેદી તરીકે કોટડીમાં બંધ હોવા છતાં નિયમોના એ પાબંદ જ રહ્યા હતા.



જેલમાં છાપુ ના વંચાય તો મહાત્મા એ વાંચવાનું ઠુકરાવ્યું

યરવજા જેલમાં ગાંધીજીની ચોકી માટે અને તહેનાતમાં કેદી વૉર્ડરોને મૂકવામાં આવતા.

વૉર્ડન આદન સોમાલીલેન્ડનો હતો. પ્રથમ મહાયુદ્ધ દરમિયાન બ્રિટિશ લશ્કરને છોડીને જવાના ગુના બદલ એને દસ વરસની સજા થયેલી. એડનની જેલમાંથી બદલી પામીને અહીં આવેલ. મુશ્કેલીથી કુરાન વાંચી શકતો. પણ નવરો પડે એટલે એમાંથી આયતો પઢે. ગાંધીજીનો એ ચાહક બની ગયો. ગાંધીજીએ એ છૂટે અથવા પાછી એની એડન જેલમાં બદલી થા તે માટે અરજીઓ ઉપર અરજીઓ ઘડી આપી.

એક વખતે એ મહામુશ્કેલીએ તાજું એ દિવસનું 'ટાઈમ્સ' છાપું લઈ આવ્યો. જેલમાં છાપાનાં દર્શન કેવાં? ખુશ થતો થતો ગાંધીજી પાસે ગયો અને છાપું ધર્યું.

ગાંધીજી તો જેલમાં એકેએક નિયમને ધર્મબુદ્ધિથી પાળનારા. અયોગ્ય નિયમ હોય તો સત્તાવાળાઓને ખબર આપી એની સામે પ્રાણાંત સુધી લડે, પણ જેલના નાનામાં નાના નિયમનો ભંગ ન કરે. એમણે આદનને પૂછ્યું :

'આદન યહ કયા હૈ ?'

'મહારાજ, અખબાર હૈ, તાજા અખબાર હૈ, આપકે લિયે લાયા હૂં દેખો.'

'યહ અખબાર મેં નદી દેખ સકતા હૂં, યહ કાનૂન કે ખિલાફ હૈ. તુમ વાપસ લે જાઓ.'

આદનનું મોં પડી ગયું. એ કોચવાયો. બોલ્યો : સબ લોગ અખબાર દેખના માંગતે હૈ. બહુત મુશ્કિલ સે લાયા હૂં.

ગાંધીજીએ એને સમજાવ્યો. યહ સબ મૈં સમજતા હૂં. લેકિન કાનૂન કે ખિલાફ હૈ ઈસ લિયે નહીં દેખ સકતા, તુમ લે જાઓ ઔર જલા દો, નહીં તો મુઝે રિપોર્ટ કરના હોગા.

આદન ખૂબ મૂંઝાયો. ત્યાંથી છાપું લઈ ચાલ્યો ગયો. એનું મન વિચાર-ચકડોળે ચઢ્યું. ગાંધીજીના એક સાથી પાસે જઈ બોલવા લાગ્યો : મહારાજ કહતે હૈ, કાનૂન કે ખિલાફ હૈ, કિસકા કાનૂન ? સરકાર તો બદમાશ હૈ, સરકાર કા કાનૂન કા ખ્યાલ કયા કરના ? લેકિન ગાંધીજી મજહબી આદમી હૈં. હમારી બાત નહીં સુનતે. આપ સમઝાઈએ.

સાથીએ એને કહ્યું : ગાંધીજી આવી વાત સાંભળે નહીં, ઊલટું એમનું મન નારાજ થાય.

તેમ છતાં કેમે કર્યો આદન મન વાળી શક્યો નહીં. એ તો ફરી ધીમે પગલે ગાંધીજી પાસે ગયો અને કહેવા લાગ્યો : આપ તો બડે આદમી હૈ, મજહબી આદમી હૈં. આપ આપ કે લિયે અખબરા નહીં દેખને વાલે. લેકિન હમકો ઈધર બહુ વક્ત હો ગયા. હમારા મુલ્ક કા કુછ અંદર હો તો હમકો સુનાઓ ના?

આદનની વાત સાંભળી ગાંધીજીને હસવું આવ્યું. છાપું વંચાવવાની એની આ યુક્તિ તેઓ જોઈ શક્યા. પણ એનો આગ્રહ જોઈ એને નારાજ નહીં કરવા છાપા પર નજર નાખી અંદરથી સોમાલીલેન્ડની લડાઈ અંગેના કસે એવા કંઈક સમાચાર હતા તે એણે જણાવ્યા.

આદન બહાર નાના બાળકની જેમ હસી હસીને કહેવા લાગ્યો : દેખો, ગાંધીજીને અખબાર દેખા. દેખો હમને ઉનકો કૈસા મનાયા !

કોની બલિહારી ગાઈશું ? પ્રેમના બળથી નિયમપાલનમાંથી સંતને જરીક વાળનારની કે પ્રેમવશ થઈ નિયમને જડતાથી ન વળગીને વાળ્યા વળનારની?